જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૧૦/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૯૮૩/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૩૦/૧૦/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૧૦	૦	૧૧૭૧૦	૧૭૮૨૦	૦	૧૭૮૨૦
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૧૭	૦	૧૧૭	૩૯૩	૦	૩૯૩
૪	**Disaster Management Act 2005** હેઠળના ગુન્હાઓ	૭૩૨૫૦	૨૧	૭૩૨૭૧	૭૪૩૦૮	૨૬	૭૪૩૩૪
કુલ		૮૯૮૧૦	૨૧	૮૯૮૩૧	૯૮૮૦૩	૨૬	૯૮૮૨૯

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૨	૩,૮૪,૯૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૩૧	૩,૩૧,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

ઓઢવ પોલીસ સ્ટેશન

પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર જે બી અગ્રાવત નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાની વિરૂધ્ધ નીચે મુજબનો હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને સુરત લાજપોર જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

પાસા અટકાયતી :-

મોહમદ સમીર સ/ઓફ ખલીલ અહેમદ જાતે અંસારી ઉ. વ. ૨૬ રહે ૮૧/૧૩૫૮ સુંદરમનગર આઝાદ કિરણા સ્ટોરની બાજુમા યુનીયન એસ્ટેટ ની સામે સુંદરમનગર બાપુનગર અમદાવાદ શહેર

પાસામાં ધ્યાને લીધેલ ગુનાની વિગત :-

(૧) ઓઢવ પો સ્ટે ગુ ૨ નં એ/૧૧૧૯૧૦૩૭૨૧૦૯૫૨/૨૦૨૧ ઇપીકો કલમ ૩૭૯ મુજબ (૨) સરદારનગર પો સ્ટે ગુ ૨ નં એ/૧૧૧૯૧૦૪૦૨૧૨૦૧૩/૨૦૨૧ ઇપીકો કલમ ૩૭૯ મુજબ

પાસા હુકમ તથા બજવણી

પાસા હુકમ નં – પીસીબી/ડીટીએન/પાસા/૬૦૧/૨૦૨૧ તા.૩૦/૧૦/૨૦૨૧ તથા બજવણી તા. ૩૦/૧૦/૨૦૨૧ ના કલાક ૨૧/૪૫ વાગે :- સુરત લાજપોર જેલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

પો. સ. ઈ શ્રી એસ વી પટેલ તથા અ હે કો અજીતભાઇ ભીખાભાઇ બ નં ૪૨૯૪ તથા પો. કો ગીરીરાજસિંહ દેવેન્દ્રસિંહ બ નં ૬૮૦૩ તથા પો કો બિજલભાઇ શામળભાઇ બ નં ૧૦૩૫૮ તથા પો કો સહદેવસિંહ દિપસંગભાઇ બ.નં. ૧૨૦૬૪



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૯૮૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૪૭૯ લીટર દેશી દારૂ, ૪૨ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૪૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૯૮૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૯૮૬/૨૦૨૧**

સરખેજ: જાવેદભાઈ હનીફભાઈ ગેલેરીયા (ઉ.વ.૩૦) (રહે.બાગે ફીરદોસ સોસાયટી, ઇકરા હોસ્પિટલ પાસે જુહાપુરા સરખેજ રોડ વેજલપુર) એ તા.૩૦/૧૦/૨૦૨૧ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે જુલાઇ/૨૦૧૮ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન સરખેજ રેલ્વે ક્રોસીંગ પાસે જાગૃતિ સ્કુલ પાસે ક્લાસીક એસ્ટેટ, "રૂબી પેકેઝીંગ" નામની ફેક્ટરી ખાતે કામ કરતા આરોપી (૧)આરીફ મહેબુબભાઈ ધાંચી (રહે.આશીયાના રો-હાઉસ મકરબા) (૨) યુસુફ શરીફભાઈ ધાંચી (રહે.ધાંચી વાસ સરખેજ ગામ) તથા અન્ય વ્યક્તિઓએ ભેગામળી જાવેદભાઇની "રૂબી પેકેઝીંગ" ફેક્ટરીનું ગુમસ્તાધારા તથા લાયસન્સ કઢાવી આપવાનુ કહી જાવેદભાઇને વિશ્વાસમાં લઈ રોકડ રૂપિયા ૩,૫૦,૦૦૦/- મેળવી લઇ ત્યારબાદ ધાક-ધમકી આપી જાવેદભાઇ પાસેથી બળજબરીથી ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૩૧,૫૦,૦૦૦/- મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૯૮૭/૨૦૨૧**

વેજલપુર: સમાબાનુ વા/ઓ સુભાનખાન દુરબેસ (ઉ.વ.૩૩)(રહે.અલ-હમઝા ડુપ્લેક્ષ સોસાયટી યુસુફ મસ્જીદની બાજુમાં, કેનાલ પાછળ ફતેવાડી) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૧૦/૨૦૨૧ રાતના ૧૧/૪૫ વાગ્યાના સુમારે અજાણી વ્યક્તિ સમાબાનુના ખુલ્લા ઘરમાં પ્રવેશ કરી, ઘરમાંથી સોનાનુ પેન્ડલ, રોકડ રૂપિયા અને અગત્યના દસ્તાવેજો મુકેલ પર્સ તેમજ મોબાઇલ ફોન નંગ-૬ મળી કુલ રૂપિયા ૯૧,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.પી.વણઝારા ચલાવે છે.

સાતમા માળેથી પડી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૯૮૮/૨૦૨૧**

નવરંગપુરાઃ કનુભાઇ નવલાભાઇ પટેલ (ઉ.વ.૩૮)(રહે.ગુપ્તાનગર માર્કેટ પાસે વાસણા) તા.૩૦/૧૦/૨૦૨૧ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે નવરંગપુરા સમુદ્ર બિલ્ડીંગની બાજુમા "એસ.એસ.એલ." રીયલ એસ્ટેટ પ્રોજેક્ટ "એલ.એલ.પી" નામની નવી બનતી સાઇડ ઉપર સેન્ટીગનું કામકાજ કરતા હતા દરમ્યાન સાતમા માળે કટર મશીનના વાયરનુ કનેક્શન આપવા સારૂ વાયર નીચે લટકાવવા જતા કોઇ કારણસર પગ લપસી જતા સાતમા માળેથી નીચે બીજા માળે પડતા શરીર ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નવરંગપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એચ.કાઝી ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૯૮૯/૨૦૨૧**

વટવાઃ કુંદનસિંહ દારાસિંહ રાજપુત (ઉ.વ.૩૩) (રહે.નિલકંઠ કુટીર ગામડી રોડ વટવા) તા.૩૦/૧૦/૨૧ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે વટવા મહાદેવપુરા બાલાજી હનુમાન મંદિર પાસે "ધી માહી ઓટો મોબાઇલ" નામની ટુ-વ્હિલર રીપેરીંગની દુકાનમાં કામ કરતા હતા દરમ્યાન પાણીની મોટર ચાલુ કરવા જતા વિજ કરંટ લાગતા પાણીની ટાંકીમાં પડી જતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન બપોરના ૧/૨૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રમેશભાઇ ગીંબાભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૯૯૦/૨૦૨૧**

રાણીપઃ લક્ષ્મણભાઇ જેરમભાઇ પરમાર (ઉ.વ.૨૮)(રહે.ગોપાલનગરની ચાલી, અંધકલ્યાણ કેન્દ્ર સામે રાણીપ) એ અગમ્ય કારણસર તા.૩૦/૧૦/૨૦૨૧ સાંજના ૫/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પંકજભાઇ પરષોત્તમભાઇ ચલાવે છે.

અમરાઇવાડીઃ જીગ્નેશ જીવણભાઇ ટુંડીયા (ઉ.વ.૩૫) (રહે. આનંદ ફ્લેટ ગુલાબનગર ચાર રસ્તા પાસે અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૩૦/૧૦/૨૦૨૧ સાંજના ૭/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગજેન્દ્રસિંહ વિક્રમસિંહ ચલાવે છે.

નારોલઃ બનવારીલાલ ઉર્ફે રાહુલ ભાગીરથસિંહ રાજપુરોહીત (ઉ.વ.૨૮)(રહે.સિધ્ધિ ફ્લોરા એપાર્ટમેન્ટ, તીર્થ-૧ સામે નારોલ) એ અગમ્ય કારણસર તા.૩૦/૧૦/૨૦૨૧ બપોરના ૧૨/૩૫ વાગ્યા પહેલા પોતાના ઘરે બાથરૂમમાં લોખડની એંગલ સાથે નાયલોનની દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગેલાભાઇ ભોપાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.